# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-10-2023** **Morning : 7.10 to 7.20am**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- રાજ્ય સરકારે ગ્રામ્ય કક્ષાના 16 નાના-મોટા ધાર્મિક સ્થળોના વિકાસ માટે 37 કરોડ 80 લાખ રૂપિયા મંજુર કર્યા.
- વાયબ્રન્ટ ગુજરાત વાયબ્રન્ટ સુરત અંતર્ગત સુરતના ઉદ્યોગકારોએ રાજ્ય સરકાર સાથે 57 કરોડ રૂપિયાના સમજૂતી કરાર કર્યા છે.
- રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે વીરત્વના ભાવ સાથે રાષ્ટ્રની સેવામાં સમર્પિત ભારતીય વાયુ સેનાએ ભારત અને ભારતીયોનું ગૌરવ વધાર્યું છે.
- આવતીકાલથી રાજ્યની 11 જાહેર યુનિવર્સિટીઓમાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમની જોગવાઇઓ લાગુ થશે.
- અમદાવાદમાં આગામી 10મી ઓક્ટોબરથી આંતરરાષ્ટ્રીય પુરુષ ટેનિસ સ્પર્ધાનું આયોજન થશે.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GPYVB – CM MANJURI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામ્ય કક્ષાના 16 નાના-મોટા ધાર્મિક સ્થળોના વિકાસ માટે 37 કરોડ 80 લાખ રૂપિયા મંજુર કર્યા છે.

રાજ્ય સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને અલગ-અલગ સંસ્થાઓ/ટ્રસ્ટો દ્વારા નાના-મોટા તીર્થસ્થાનોના વિકાસ માટેની દરખાસ્તો મળી હતી, જેની ઉપર વિચારણા કરી રાજ્ય સરકારે સૈદ્ધાંતિક મંજુરી આપી છે.

જેમાં વડોદરા જિલ્લાના 4 તીર્થસ્થાનોના વિકાસ માટે પોણા આઠ કરોડ, મહેસાણા જિલ્લાના 6 તીર્થસ્થાનોના વિકાસ માટે લગભગ સાડા પંદર કરોડ, અમદાવાદના ધોળકામાં આવેલ મંદિરના વિકાસ માટે ચાર કરોડથી વધુ  તથા પાટણના ખોડિયાર માતા મંદિર તથા તળાવ બ્યુટીફિકેશનના કામો માટે પોણા પાંચ કરોડ,  તો રાજકોટના ખોડલધામ મંદિરના વિકાસ માટે દોઢ કરોડથી વધુ,  ઉપરાંત અરવલ્લીના ગણપતિ મંદિરના વિકાસ માટે સવા કરોડ રૂપિયા મંજુર કર્યા છે.

------------------------------

# VIBRANT GUJ. VIBRANT SURAT

વાયબ્રન્ટ ગુજરાત વાયબ્રન્ટ સુરત અંતર્ગત સુરતના ઉદ્યોગકારોએ રાજ્ય સરકાર સાથે 57 કરોડ રૂપિયાના સમજૂતી કરાર કર્યા છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં યોજાઇ રહેલ પ્રિ વાયબ્રન્ટ સમિટના ભાગરૂપે સુરતના

સરસાણા ખાતે વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલની હાજરીમાં વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ સુરત સમિટ યોજાઇ હતી. જેમાં સુરતના ઉદ્યોગકારોએ રાજ્ય સરકાર સાથે 57 કરોડ રૂપિયાના સમજૂતી કરાર કર્યા છે. જેમાંથી અંદાજે 350 થી વધુ વ્યક્તિઓને રોજગારી મળશે.

કાર્યક્રમ સ્થળ પર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે ,જેમાં ૨૦ થી વધુ સ્ટોલ દ્વારા ઔદ્યોગિક એકમોને સહાય, યોજનાઓનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. જેમાં ઉદ્યમ રજિસ્ટ્રેશન, સિંગલ વિન્ડો ક્લિયરન્સ એક્ટ, MSME, આત્મનિર્ભર ગુજરાત સ્કીમ-૨૦૨૨, ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી-૨૦૧૯, ZED સર્ટિફિકેટ પ્રક્રિયા, કોટેજ અને રૂરલ ઈન્ડસ્ટ્રીઝ સ્કીમ, બેન્કિંગ અને ફાયનાન્સ, PM માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ સ્કીમ, ગવર્નમેન્ટ ઈ- માર્કેટપ્લેસ-(GEM), જેમ અને જ્વેલરી ક્ષેત્રે સહાય અને જાણકારી આપવામાં આવી હતી.

---------------------------------

# VIBRANT GUJ. VIBRANT KUTCH

કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી માહિતી આપે છે કે, જિલ્લાકક્ષાની વાઈબ્રન્ટ સમિટનું આયોજન ગાંધીધામના ડો.બાબાસાહેબ આંબેડકર કન્વેન્શન સેન્ટર આગામી તા.૧૦ અને ૧૧ ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું છે.જેમાં મુખ્ય અતિથી તરીકે રાજ્યકક્ષાના લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગમંત્રી જગદીશ વિશ્વકર્મા તથા વિશિષ્ટ મહેમાન તરીકે પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરીયા હજાર રહશે .વાઈબ્રન્ટ કચ્છ સમિટમાં નોલેજ સેગમેન્ટ, સેમિનાર, ઓપન હાઉસ

ડિસ્કશન, પેનલ ડિસ્કશન, આઉટકમ, સ્ટોલની ફાળવણી, ઈવેન્ટ પબ્લિસિટી, સ્ટાર્ટ અપ, એમ.એસ.એમ.ઈ., સરકારી વિભાગોના સ્ટોલ, સ્થાનિક ઔદ્યોગિક સંગઠનની ભાગીદારી વગેરે મહત્વની બાબતો અંગે ચર્ચા કરાશે.

----------------------------------

# GOVERNOR-VAYUSENA

શૌર્ય અને વીરત્વ વ્યક્તિની ગરિમા અને ગૌરવ વધારે છે. વીરત્વના ભાવ સાથે રાષ્ટ્રની સેવામાં સમર્પિત ભારતીય વાયુ સેનાએ ભારત અને ભારતીયોનું ગૌરવ વધાર્યું છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગાંધીનગર નજીક દક્ષિણ પશ્ચિમ વાયુ કમાનના હેડક્વાર્ટરમાં ભારતીય વાયુ સેનાના સ્થાપના દિવસની પૂર્વસંધ્યાએ આયોજિત સમારોહમાં આમ જણાવ્યું હતું.

વર્ષ ૧૯૩૨ની ૮ મી ઑક્ટોબરે ચાર વિમાન , છ અધિકારીઓ અને ૧૯ સૈનિકોના બલ સાથે ભારતીય વાયુ સેનાની સ્થાપના થઈ હતી. આજે ૯૧ મા વર્ષે ભારતીય વાયુ સેના વિશ્વની ત્રીજી શક્તિશાળી વાયુસેના ગણાય છે.

રાજ્યપાલ શ્રી એ જણાવ્યું કે ,ભારતીય વાયુ સેનાએ દેશને સુરક્ષાની વાતે નિશ્ચિંત કર્યો છે, એટલું જ નહીં કોવિડ કાળમાં ઓક્સિજન પહોંચાડવામાં, વિદેશોમાં ફસાયેલા ભારતીયોને વતન લાવવામાં કે

યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓને સુરક્ષિત સ્વદેશ લાવવામાં સક્રિય ભૂમિકા નિભાવી છે.

દક્ષિણ પશ્ચિમ વાયુ કમાનના વડા એર ઑફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ એર માર્શલ નર્મદેશ્વર તિવારીએ આ  અવસરે કહ્યું હતું કે, ગુજરાત ઉપરાંત રાજસ્થાન  અને મહારાષ્ટ્રની જવાબદારી સંભાળતી દક્ષિણ પશ્ચિમ વાયુ કમાન મુખ્ય ઓપરેશનલ વાયુ કમાન છે, જેની  ઉપલબ્ધિઓ પર પણ હું ગર્વ અનુભવું છું.

----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

## UNI. RUSHIKESH PATEL

આવતીકાલથી રાજ્યની 11 જાહેર યુનિવર્સિટીઓમાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમની જોગવાઇઓ લાગુ થશે.

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આ જોગવાઇઓથી 11 પબ્લીક યુનિવર્સીટીની સ્વાયતતા, ગુણવત્તા અને સંચાલન શક્તિમાં વધારો થશે. યુનિવર્સીટીના કુલપતિની ટર્મ પાંચ વર્ષની રહેશે. એક ટર્મ પૂર્ણ થયા બાદ અન્ય યુનિવર્સીટીના કુલપતિ તરીકે પાંચ વર્ષ ફરી વખત નિમણૂંક કરી શકાશે.

નવા અધિનિયમના અમલથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં થયેલા સૂચનો વધુ અસરકારક રીતે અમલમાં મૂકી શકાશે. શ્રી પટેલે જણાવ્યું હતું કે, નવા અધિનિયમમાં કોલેજના અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સીટીના પ્રોફેસરોની નિમણૂંકમાં 33 ટકા મહિલા સભ્યોની જોગવાઇ છે.

યુનિવર્સીટી પોતાના સક્ષમ સત્તામંડળની મંજૂરીથી નવા કોર્સ, નવા પોગ્રામ શરૂ કરવા સ્વાયત રહેશે. એવી જ રીતે એક્સટર્નલ વિદ્યાર્થીઓને પદવી આપી શકશે તથા ઓનલાઇન કોર્સ તૈયાર કરી શકશે. આ અધિનિયમના લીધે 11 યુનિવર્સીટીમાં પ્રવેશ, અભ્યાસ અને પરીક્ષા પધ્ધતિમાં એકસૂત્રતા આવશે.

. . . . . . . . . . . . . . . . .

## AHMEDABAD - TENNIS

અમદાવાદમાં આગામી 10મી ઓક્ટોબરથી આંતરરાષ્ટ્રીય પુરુષ ટેનિસ સ્પર્ધાનું આયોજન થશે.

આ સ્પર્ધા ગુજરાત સ્ટેટ ટેનિસ એસોસીએશન દ્વારા યોજાઇ રહી છે. નવરંગપુરા ખાતે અમદાવાદ ટેનિસ ફાઉન્ડેશનના નવ હાર્ડ સિન્થેટિક ટેનિસ કોર્ટ પર રમાશે.

આ સ્પર્ધામાં ભારત ઉપરાંત અમેરિકા, ફ્રાન્સ, નેધરલેન્ડ, જાપાન, સાઉથ કોરિયા, મલેશિયા, બ્રિટન તેમજ વિયેતનામ સહિતના આશરે 75 જેટલા આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ ભાગ લેશે.

----------------------------------

## GPSSB - EXAM

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા વડોદરા મહાનગરપાલિકાની જુનિયર ક્લાર્ક વર્ગ- 3 સંવર્ગની પરીક્ષા આજે બપોરે 1 થી 3 સુધી અમદાવાદ શહેરના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાશે.

આ પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા પરીક્ષાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તે માટે વહીવટીતંત્ર દ્વારા સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## YUVAK MAHOTSAV-GIR SOMNATH

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના  યુવક મહોત્સવનો ગઇકાલે સમાપન સમારોહ યોજાઇ ગયો.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે આ યુવક મહોત્સવમાં રાજ્યભરમાંથી ૩૩ સંસ્કૃત કોલેજોએ ભાગ લીધો હતો. ૩૮ જેટલી સ્પર્ધાઓમાં  ૬૬૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ભાઇઓની કેટેગરીમાં ૧૧૮ ગુણાંક સાથે પ્રથમ ક્રમે રહી યજમાન સંસ્થા  સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ વિજય વૈજયન્તી ટ્રોફ઼ી મેળવી હતી રમશે સંસ્કૃત અને જીતશે સંસ્કૃત' સૂત્ર સાથે સત્તરમા યુવક મહોત્સવનું થયું હતું .

-----------------------------------

# KUNVARJI BAVALIYA - RAJKOT

રાજ્યના અન્ન, નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકાના રૂપાવટી ગામમાં ૧૪.૫૦ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ પંચાયત કચેરીની તક્તીનું અનાવરણ કરીને લોકાર્પણ કરાયું હતું. રૂપાવટી ગ્રામ પંચાયત કચેરીનું નિર્માણ "મનરેગા" હેઠળ થવાથી ૭૧૧ માનવદિન રોજગારીનું સર્જન થયું હતું.

-----------------------------------

# BHAVNAGAR-NAVRATRI MELO

ભાવનગર ખાતે નવરાત્રી મેળાનુ આગામી તા. ૦૮- થી. ૧૪-ઓક્ટોબર  સુધી નવરાત્રી મેળાનુ આયોજન કરવામાં આવશે.

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે , જિલ્લાના મહિલા સ્વ સહાય જુથો દ્વારા ઉત્પાદીત વિવિધ ચીજ વસ્તુના વેચાણ માટે ગ્રામીણ મહિલાઓને પ્લેટફોર્મ પુરું પાડવાના હેતુથી આગામી નવરાત્રી પર્વ નિમિત્તે આગામી તા. ૦૮- થી તા. ૧૪-ઓક્ટોબર  સુધી સરદાર સ્મૃતિ હોલ ખાતે નવરાત્રી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળામાં ૧૦ સ્ટોલમાં ગ્રામ્ય વિસ્તારના સ્વ સહાય જુથોની મહીલાઓએ ભાગ લઇ તેમના દ્વારા ઉત્પાદીત ચીજ વસ્તુઓ જેવી કે રાખડી, ઇમિટેશન જવેલરી, દોરી વણાટના ઝુમર, તોરણ, હિંચકા, ડ્રેસ મટીરીયલ, ઓર્ગેનિક મધ, લેધર બેગ, લેડીઝ પર્સ, ભરત ગુંથણની વિવિધ આઇટમો, ચણીયા ચોળી, હેંડ પ્રિન્ટેડ ફેન્સી બેગ, ખાખરા, વુડન ટોયઝ, મેંગો પલ્પ, રેઝીન આર્ટ, એલોવેરા જ્યુસ, કુકીઝ વિગેરેનું વેચાણ કરવામાં આવશે.

----------------------------------

# CPR TALIM

રાજ્ય સરકારે ગરબા આયોજકો માટે બહાર પાડેલી માર્ગદર્શિકાની સાથોસાથ ગરબા આયોજકો મેડિકલ ઇમરજન્સી માટે પણ ગ્રાઉન્ડ પર દાક્તરી સારવાર માટે સુવિધા ઊભી કરાશે.

ગરબે રમતા ખેલૈયામાં જોવા મળતા હાર્ટ અટેક એટલે કે હૃદય રોગના હુમલા કે અન્ય કોઈપણ આપત્કાલિન પરિસ્થિતિમાં તુરંત દાક્તરી સારવાર મળી રહે તે માટે ગરબા આયોજકો દ્વારા ગરબા ગ્રાઉન્ડ પર અલાયદો મેડિકલ સ્ટોલ ,૧૦૮ એમ્બ્યુલન્સ અને ડોક્ટરની સાથે જરૂરી દવાઓ રાખવાની વ્યવસ્થા પણ ઊભી કરાશે. જેથી ખેલૈયાઓને દાક્તરી સારવાર પ્રાથમિક ધોરણે ગ્રાઉન્ડ પર જ મળી રહે.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અને ડૉ. જયેશા ધામેચા દ્વારા હૃદય રોગના હુમલા સમયે દર્દીને અપાતી પ્રાથમિક CPR સારવાર (CARDIOPULMONARY RESUSCITATION) અંગેની તાલીમ મામલતદાર કચેરી તેમજ પ્રાંત કચેરીના તમામ સ્ટાફને આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે ગરબા રમવા સમયે યુવાઓને આવતા હૃદય રોગના હુમલા સમયે મૃત્યુ ની ઘટનાઓ વધી રહી છે ત્યારે તાત્કાલિક અપાતી સીપીઆર પ્રાથમિક સારવાર કોઈપણ આપી શકે તે ઉદેશ્ય સાથે વિવિધ જગ્યાએ આવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------